# સ્વચ્છતા પખવાડા અંતર્ગત મોતીપુરા ગામમાં સમૂહ સફાઈ



ગાંધીનગર, તા. ૨૪
શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા સ્વચ્છતા પખવાડા અંતર્ગત મોતીપુરામાં સ્વચ્છ ભારત અભિયાનની કામગીરી કરવામાં આવી છે જેની અંતર્ગત આજ રોજ ૯૫ સ્વયમ સેવકો દ્વારા મોતીપુરા ગામની સફાઈ કરવામાં આવી હતી અને ગામની જુદી જુદી શેરીમાં ગામના લોકોને સાથે લઈ સ્વચ્છતાની કામગીરી કરવામાં આવી હતી સ્વયમ સેવકોએ ગામના યુવાનો સાથે રહી ગામને સામુહિક રીતે સાફ કર્યું હતું રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગામના લોકોને સરસ રીતે સમજાવવામાં આવ્યું હતું કે કઈ રીતે ગામના બધાજ લોકો ભેગા રહી પોતાના ગામને સ્વચ્છ ગામ અને નીરોગી ગામ બનાવી શકે છે જેમાં ગમન આગેવાન શ્રી દિલીપભાઈ પટેલની ભૂમિકા મહત્વની રહી હતી આવતા અઠવાડિયામાં ગામમાં નવો મંદિરના ઉદ્ઘાટન પણ થવાનો છે.

જેમાં પણ ગામનો લોકો આવું સંકલ્પ લેશે અને પોતાના ગામને કાયમી સ્વચ્છ રાખવાની પ્રતિજ્ઞા પણ કરશે અને નાના બાળકથી લઈ યુવાનો અને વડીલો ગામને સાફ રાખવા માટે જવાબદાર બનશે અને પોતાની જિમ્મેદારીનો નિર્વાહ કરશે આવતા દિવસોમાં પ્રાથમિક શાળાના બાળક અને બાલિકાઓને પણ સ્વચ્છ ભારત અભિયાનમાં તેમની ભૂમિકા અને કામગીરી માટે શપથ લેવડાવામાં આવશે અને તેમના માટે વિવિધ સ્પર્ધાઓ જેવીકે નો પ્લાસ્ટિક અભિયાન અને તેના લગતી નિબંધ અને સુત્ર લેખન સ્પર્ધાનું આયોજન પણ કરવામાં આવશે આવી હતી શારીરિક શિક્ષણ અને રમત વિજ્ઞાન વિધાશાખા, ગૂજરાત વિધાપીઠ સાદરાની રાષ્ટ્રીય સેવા યોજના એકમ દ્વારા ગામના લોકોને વ્યકિતગત અને સામુહિક સ્વચ્છતાની માહિતી આપવા બદલ મોતીપુરાના આગેવાન શ્રી સુરેશ પટેલે તેમને અભિનંદન આપ્યું હતું તેમના ત્યાં ચા પાણીની વ્યવસ્થા પણ કરી હતી રાષ્ટ્રીય સેવા યોજના એકમના સ્વયં સેવકો દ્વારા કરવામાં આવી આ પ્રવૃત્તિને સંસ્થાના ડીન પ્રો. પ્રભુલાલ કાસુન્દ્રાએ પ્રેરણા અને પ્રોત્સાહન આપ્યું હતું ટુકડીનેતા તરીકે રણ રાઠોડ અને શ્રી પંકજ ગ્રામભાડીયાએ ખુબજ સરસ કામગીરી પૂર્ણ કરી હતી કાર્યક્રમનું સંચાલન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડો. નીરજ સિલાવટ અને ડો. અરવિંદ રામી દ્વારા કરવામાં આવ્યું હતું.



સરકારી વિનયન કોલેજ ગાંધીનગરના ઈતિહાસ વિભાગ દ્વારા ૨૪મી જાન્યુઆરી, ૨૦૨૦નાં રોજ આદિવાસી સંસ્કૃતિ પર ફોટો પ્રદર્શનીનું આયોજન કરવામાં આવેલ. ડો.આર.બી.કોઠારીના માર્ગદર્શનથી કૌશિકભાઈ ઘટાડના ફોટો સંગ્રહની પ્રદર્શનીનું આયોજન કરવામા આવેલ. જેમાં ઉતર અને દક્ષિણ ગુજરાતના આદિવાસી નૃત્યો, પહેરવેશ, આભુષણો,રીત-રિવાજ,ધાર્મિક માન્યતાઓ, પરંપરાગત ખેતી,પાળિયાઓ તથા વીરભૂમી માનગઢ હત્યાકાંડ વિષય પર પ્રદર્શની યોજાઈ. તમામ વિભાગના અધ્યાપકો તથા વિદ્યાર્થીઓએ પ્રદર્શનીનો લાભ લીધો હતો. પ્રદર્શન સફળ બનાવવા ઈતિહાસ વિભાગના પ્રાધ્યાપકશ્રીઓ ડો.કે.જી.પટેલ, ડો.તસ્નીમ શેખ અને પ્રા.આર.વી.ભાભોરે જહેમત ઉઠાવી હતી.

## જન્મદિને વધામણી



શ્વેતા કૌશિકભાઈ સુખડીયા
મો. ૭૮૧૮૮ ૧૩૬૭૭

જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.
- સંપાદક



સમર્પણ કૉલેજ ખાતે તા. ૨૧મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ભૂતપૂર્વ વિદ્યાર્થીનીઓની એલ્યુમિનાઈ મીટીંગ યોજાઈ હતી. જેમાં પૂર્વ વિદ્યાર્થીનીઓએ ઉત્સાહપૂર્વક ભાગ લીધો હતો.

# રેડક્રોસના સહયોગથી અશ્વિનભાઈ કોમર્સ કૉલેજના વિદ્યાર્થીઓને ફર્સ્ટ એઈડની તાલીમ અપાઈ



ગાંધીનગર, તા. ૨૪
અશ્વિનભાઈ પટેલ કોમર્સ કૉલેજના એન.એન.એસ વિભાગ દ્વારા જિલ્લા રેડક્રોસના સહયોગથી ૧૪૯ વિદ્યાર્થીનીઓને ફર્સ્ટ એઈડ ટ્રેનિંગ અપાઈ હતી. રાજય સરકારના મેડિકલ ઓફિસર ડૉ. રુદ્રેશ શર્માએ વિદ્યાર્થીઓને તાત્કાલિક સહાય માટે વિવિધ ઉપાયો સૂચવ્યા હતા. અને ખુબ જ જરૂરી માર્ગદર્શન પુરું પાડ્યું હતું. આ કાર્યક્રમમાં શાળાના આચાર્ય વિદ્યાબેન ઓઝા એન.એન.એસ. ઈન્ચાર્જ ડૉ. રણછોડભાઈ રથવી, ડૉ. ધર્મેન્દ્ર પટેલ ઉપસ્થિત રહ્યા હતા. જિલ્લા રેડક્રોસના ચેરમેન ઝીલુભા ધાંધલ, અશ્વિનભાઈ દવે, નિલેન્દુભાઈ વોરા એચ.એમ. સોલંકી અને ભૂપેન્દ્રભાઈ મહેતાએ ઉપસ્થિત રહી સેવાઓ પૂરી પાડી હતી.

# શંકરસિંહ વાઘેલા બાપુ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ફાર્મસીમાં ‘સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી’ અંગેનો સેમિનાર



ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર - માણસા હાઈવે પર આવેલ ‘બાપુ ગુજરાત નોલેજ વિલેજ’ કેમ્પસ ની ફાર્મસી કોલેજ માં વિધાર્થીઓમાં સ્ટાર્ટ અપ ઈન્ડિયા પ્રોજેક્ટ ની માહિતી મળી રહે તેવા હેતુ થી “સ્ટુડન્ટ સ્ટાર્ટ અપ એન્ડ ઈનોવેશન પોલિસી” વિશ્



અંગેનો ખૂબ જ જ્ઞાનવર્ધક સેમિનાર યોજાયો હતો. આ સેમિનારમાં આઈ.આઈ. ટી. ગાંધીનગર ના શ્રીમતિ નિશા પાંડે એ આ સેમિનાર મા ભાગ લિધેલા ૧૫૨ વિદ્યાર્થીઓને અને ૪૦ જેટલા સ્ટાફ મિત્રોને એસ.એસ.આઈ.પી. વેશે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી.

આ કાર્યક્રમની સફળતા માટે સંસ્થાના ટ્રસ્ટી શ્રી ભરતસિંહ વાઘેલા , સંસ્થાના ડાયરેક્ટર પ્રો. રવિકુમારે અને પ્રિન્સિપાલ ડૉ.ધર્મેશ ગોલવાલાએ અભિનંદન પાઠવ્યા હતા. સમગ્ર કાર્યક્રમનુ સફળ સંચાલન અને આયોજન ફાર્મસીના સમગ્ર સ્ટાફ મિત્રોએ કર્યું હતું.

# વકૃતત્ત્વ સ્પર્ધામાં શ્રી જે.બી. પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓનો ઉત્કૃષ્ટ દેખાવ

ગાંધીનગર,તા. ૨૪
શ્રી નટુભાઈ ઠક્કર ફાઉન્ડેશન, મગોડી અંતર્ગત તા. ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૦ને ‘સંસ્કાર સર્ધક’ વકતૃત્વ સ્પર્ધાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રી જનતકુમાર ભગુભાઈ પ્રાથમિક શાળાનાં વિદ્યાર્થીઓએ ઉત્સાહ પૂર્વક ભાગ લીધો હતો. જેમાં પ્રાથમિક (ધોરણ ૧ થી ૫) વિભાગમાં પટેલ પ્રિત દેવેન્દ્રકુમારે દ્વિતીય નંબર મેળવી રૂા. ૩૦૦ રોકડ ઈનામ તથા પ્રમાણપત્ર પ્રાપ્ત કર્યું હતું.

શાળાકીય અભ્યાસની સાથે સાથે ઈતર પ્રવૃત્તિઓમાં પણ રસ દાખવી નામના પ્રાપ્ત કરનાર તથા શાળા અને ગાંધીનગરનું ગૌરવ વધારનાર વિદ્યાર્થીઓને શાળાનાં આચાર્યા




શ્રીમતી નીવાબેન પટેલે તથા સ્ટાફ પરિવારે અભિનંદન સહ ઉત્તરોત્તર પ્રગતિ કરતા રહે તેવા આશીર્વાદ પાઠવ્યા હતા.

# જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલય તાલુકા કક્ષાએ કલા મહાકુંભમાં મોખરે

ગાંધીનગર, તા. ૨૪
ગાંધીનગર તાલુકા કક્ષાનો કલા મહાકુંભ સેક્ટર-૧૫ ગોપાલક વિદ્યામંદિર ખાતે યોજાયો હતો. જેમાં જે.એમ. ચૌધરી કન્યા વિદ્યાલયનો ઉત્કૃષ્ઠ દેખાવ રહ્યો હતો. વિવિધ સ્પર્ધાઓમાં વ્યક્તિગત અને સામુહિક રીતે પ્રથમ - દ્વિતીય નંબર પ્રાપ્ત કર્યા હતા. ભજન સ્પર્ધામાં ઋત્વા ચૌધરીએ પ્રથમ સ્થાન, જયારે સૃષ્ટિ ચૌધરીએ દ્વિતિય સ્થાન પ્રાપ્ત કર્યું હતું. સમુહ લગ્નગીતમાં પણ ધોરણ-૯ અને ધોરણ-૧૨ની વિદ્યાર્થીનીઓ પ્રથમ-દ્વિતીય સ્થાને રહી હતી.

નિબંધ લેખનમાં વંદના વાઘેલા બીજા નંબરે અને અનિષા ચૌધરી પણ બીજા નંબરે સ્થાન મેળવ્યું હતું. એકપાત્રીય અભિનયમાં પારસ ચૌધરી બીજા સ્થાને તથા સમુહ ગીતમાં ધોરણ-૯સી અને ડીની ટીમે પ્રથમ સ્થાન પ્રાપ્ત કર્યુંહતું. શાળા પરિરે સૌ વિજેતાઓને અભિનંદ પાઠવ્યા હતા.




પિનાકલ પબ્લિક સ્કૂલ દ્વારા તાજેતરમાં પીપીએસ કેમ્પસમાં સ્માઈલ ઓન વ્હીલ્સના સહોયગથી નિઃશુલ્ક તબીબી શિબિરનું આયોજન કરવામાં આવ્યું હતું. આ શિબિરનું ઉદ્ઘાટન લીંબડીયા ગ્રામ પંચાયતના સરપંચ હર્ષદભાઈ પટેલ અને ડૉ. પ્રકાશ દોશી દ્વારા કરવામાં આવ્યું હતું. કેમ્પમાં નિઃશુલ્ક તબીબી સેવા, આંખની તપાસ, ડેન્ટલ ચેક-અપ, ઈસિજી, અસ્થમા અને ડાયાબિટીસની તપાસ કરવામાં આવી હતી. આ શિબિરમાં મોટી સંખ્યામાં લીંબડિયાનાં ગ્રામજનો અને સરકારી શાળાના વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાયમરી સ્કૂલમાં ‘દાબલા ઉજવણી’



ગાંધીનગર, તા. ૨૪
સર્વ વિદ્યાલય કેળવણી મંડળ કડી સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ ગર્લ્સ પ્રા. સ્કૂલમાં ૨૨મી જાન્યુઆરી, ૨૦૨૦ને ધોરણ-૧ અને ધોરણ-૨માં દાબલા ઉજવણી કરવામાં આવી હતી. જેમાં કુલ ૪૦૦ વિદ્યાર્થીનીઓએ તથા ધોરણ-૧ અને ધોરણ-૨ના તમામ વર્ગશિક્ષકોએ સમૂહમાં બાળકો સાથે દાબલા ઉજાણી કરીને આનંદ તથા ઉલ્લાશ માણ્યો હતો.

# ૧૨ આર્ટ્સ પછી બી.એ સિવાય અન્ય કયા ક્ષેત્રે આગળ વધી શકાય?




નમસ્કાર. આપ સૌ વાચક મિત્રોના સાથ અને સહકાર થી આજે ફરી અમે આ કૉલમમાં પ્રસ્તુત થયા છીએ. ‘કરિયર કોર્નર‘ કૉલમમાં હવે પ્રશ્નો માત્ર ગાંધીનગરથી નહીં પણ અન્ય શેહરો અને ગામો જેમ કે કલોલ. હિમતનગર, દેહગામ અને માણસાથી પણ આવી રહ્યા છે. આપ સૌનો પ્રતિસાદ અમને ખૂબ પ્રોત્સાહિત કરે છે. અમે આપના પ્રશ્નોનો ચોક્કસ અને સચોટ ઉત્તર આપવાની કોશિશ કરીએ છીએ. જગ્યાની મર્યાદા હોવા થી અમે બધા પ્રશ્નો પ્રકાશિત નથી કરી શકતા પણ તમને જવાબ ચોક્કસ મળશે.

હવે આપ અમને ફેસબુક પર ‘લાઈક’ કરી શકો છો: facebook.com/questions.careercroner પર.

**૧. હું ધોરણ ૧૨ આર્ટ્સ માં અભ્યાસ કરું છું.ધો ૧૨ બાદ બી.એ સિવાય અન્ય કયા ક્ષેત્ર માં આગળ વધી શકાય.સરકારી નોકરી માટે કયા ફોર્મ ભરી શકાય?**

**- નિલેષ પરમાર**



નિલેષ,એ જાણી ને આનંદ થયો કે આપ ૧૨ આર્ટ્સ પછી બી.એ સિવાય ના વિકલ્પ વિષે જાણવા માંગો છો.આપ બિલકુલ અલગ રસ્તો પસંદ કરી શકો છો પણ એ પહેલા તમારે એ જાની લેવું કે આપની રુચિ સેમાં છે.જેમ કે જો આપણે ડિફેન્સ ક્ષેત્રે આગળ વધવા માંગો છો તો આપ એન.ડી.એ એટ્લે કે નેશનલ ડિફેન્સ એકેડમી ની પરીક્ષા ની તૈયારી કરી શકો છો.જેના થકી આપ ઈંડિયન મિલેટરી એકેડમી માં પ્રવેશ મેળવી શાઓ છો.જે પરીક્ષા વર્ષ માં બે વાર લેવાં આવે છે.જો આપને હોટેલ મેનેજમેંટ ક્ષેત્રે રુચિ હોય તો આપ આઈ.એચ.એમ ની પરીક્ષા આપી શકો છો.એ સિવાય જો લૉ ક્ષેત્રે આગળ વધવું હોય તો સી.એલ.એ.ટી આપી ને ગાંધીનગર સ્થિત જી.એન.એલ.યુ માં પ્રવેશ મેળવી શકો છો.જો આપે મેનેજમેંટ ક્ષેત્રે આગળ વધવું હોય તો આઈ.પી.એમ થકી આપ આઈ.આઈ.એમ માં એડમિશન લઈ શકો છો.ચિત્ર આવડતું હોય તો આર્ટ ટીચર ડિપ્લોમાંનું ફોર્મ ભરી શકાય છે. સરકારી નોકરી ની વાત કરીએ તો આપ ધો ૧૨ ની લાયકાત ઉપર આવતી સ્પર્ધાત્મક પરીક્ષા ના ફોર્મ ભરી શકો છો.જેમાં ગુજરાત સરકાર ની વાત કરીએ તો બિસચિવાલય ક્લાર્ક, જુનિયર ક્લાર્ક,તલાટિ કોન્સટેબલ જેવી પરીક્ષા નો સમાવેશ થયા છે જ્યારે કેન્દ્ર સરકાર માં સી.એચ.એસ.એલ, એમ.ટી. એસ, પોસ્ટ એન્ડ ડિફેન્સ ક્ષેત્રે આપ એરમેન, સેઈલર જેવી પરીક્ષા ના ફોર્મ ભરી શકો છો.આમ આપ આપની રુચિ મુજબ આગળ વધી શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૨. હું બી.એ માં અભ્યાસ કરું છું.મે એપ્રિલ માં આવનાર એન.ડી.એ નું ફોર્મ ભરેલ છે.એના વિષે માહિતી આપશો તથા એની તૈયારી કઈ રીતે કરવી?માહિતિ આપશો.**

**- આદિત્ય ચૌહાણ**




સૌપ્રથમ આપને અભિનંદન કે આપ આ ઉમર માં જ સંરક્ષણ ક્ષેત્રે આગળ વધવાનું સપનું સેવી રહ્યા છો. અન્ય વાચકો ને જણાવવા માંગીએ છીએ કે નેશનલ ડિફેન્સ એકેડમી(એન.ડી.એ), તે ભારતીય સશસ્ત્ર દળો માટે સંયુક્ત સેવા એકેડેમી છે. આર્મી, નેવી અને એર ફોર્સ સહિતના ત્રણ સશસ્ત્ર સેવાઓની મૂળભૂત ટ્રેઈનીંગ માં આગળ વધતા પહેલા, આ એકેડમી માં તાલીમ આપવામાં આવે છે.જેના માટે યુ.પી.એસ.સી દ્વારા લેખિત એટલે કે ઓબ્જેક્ટિવ આધારિત પરીક્ષા લેવામાં આવે છે અને ત્યાર બાદ ફિઝિકલ અને ઈન્ટરવ્યુ ધ્વારા અંતિમ પસંદગી કરવામાં આવે છે.કુલ અંદાજિત ૩૨૦ જેટલા યોગ્ય ઉમેદવારો આ તાલીમ માટે પસંદગી પામે છે.શૈક્ષણિક લાયકાત ની વાત કરીએ તો જો આપ આર્મી માં જવા માંગો છો તો આપે એચ.એસ.સી એટ્લે કે ૧૨ ધોરણ સુધીનો અથવા એને સમકક્ષ અભ્યાસ કરેલો હોવો જોઈએ.અને જો આપ એઈર ફોર્સ અથવા નેવી માં જવા માંગો છો તો આપે ૧૨ મુ ધોરણ ફિઝીક્સ અને ગણિત સાથે પાસ કરેલું હોવું જરૂરી છે.અને આપની ઉમર ૧૬.૫ થી ૧૯.૫ વચ્ચે હોવી આવશ્યક છે.અને આ પરીક્ષા માટે ફક્ત અપરિણીત પુરુષ ઉમેદવાર જ યોગ્ય ઠરે છે.આ પરીક્ષા વર્ષ માં બે વાર અંદાજિત એપ્રિલ અને નવેમ્બર માં લેવામાં આવે છે.હવે આપણે જણાવવા માંગીએ છીએ કે આ પરીક્ષા નો અભ્યાસક્રમ ઘણો લાંબો અને પ્રમાણ માં કઠિન હોય છે.ત્રણ થી ચાર મહિના માં એને પૂરો કરવો પ્રમાણ માં અઘરો તો છે પણ અશક્ય નથી.જો આપ ટાઈમટેબલ પ્રમાણે સમયસર વાંચન કરો તો આપ ચોક્કસ પાસ થઈ શકો છો.તૈયારી માટે આપ આપના શહેર માં સ્થિત કોઈ ટ્રેઈનિંગ સેન્ટર ની પણ મુલાકાત લઈ શકો છો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

**૩. આઇ.પી.એસ. બનવા માટે શું કરવું જોઇએ? માર્ગદર્શન આપશો.**

**- અનુજ મહેતા, અમદાવાદ**

અનુજ, સૌપ્રથમ આપને આઇ.પી,એસ એટલે કે ઇન્ડીયન પોલિસ સર્વિસ વિશે જણાવીએ તો આ ભારતભરની પ્રતિષ્ઠિત



પોસ્ટમાંની એક છે. પોલિસ ડિપાર્ટમેન્ટમાં સિનિયર પોઝિશન એટ્લેકે ડી.જી.પી., આઈ.જી., ડી.આઈ.જી વિગેરેની પોસ્ટ પર આઈ.પી.એસ અધિકારી હોય છે.આ પોસ્ટ માટે યુ.પી.એસ.સી દ્વારા લેવામાં આવતી સિવિલ સર્વિસિઝની પરીક્ષા પાસ કરવાની હોય છે. ત્યાર બાદ આપને પ્રાપ્ત રેંક મૂજબ આપને પોસ્ટ આપવામાં આવે છે. આ પરીક્ષા ત્રણ તબક્કામાં લેવામા આવે છે. સૌપ્રથમ આપને લેખિત પાસ કરવાની હોય છે જેમાં મુખ્યત્વે જનરલ નોલેજ અને અપ્ટિટ્યુડ ના પ્રશ્નો પૂછ્વામાં આવે છે. પ્રથમ તબક્કાને ‘પ્રિલિમ્સ’ તરીકે ઓળખવામાં આવે છે. બીજા તબક્કાને ‘મેઈન્સ’ કહેવામાં આવે છે. તેમાં ઉતીર્ણ થયા બાદ આપે ઈન્ટરવ્યૂ આપવાનો હોય છે. એ ત્રીજો તબબકો કહેવાય છે. ત્યારબાદ આપે ફિઝિકલ એટ્લેકે શારીરીક ક્ષમતાની કસોટી પાસ કરવાની હોય છે. તેમાં આપની ઊંચાઇ, વજન વગેરે નું મૂલ્યાંકન થાય છે. આપને ઘણા લોકો એવું કહેશે કે આ પરીક્ષા ખૂબ અઘરી હોય છે, પણ જો આપ ચોક્કસ પ્લાનીંગ પ્રમાણે જો યોગ્ય મેહનત કરશો તો આપ અચૂક સફળતા પ્રાપ્ત કરશો. વધુ માહિતી માટે આપ અમને વોટ્સએપ અથવા ઈમેઈલ કરી શકો છો. જ્વલંત કારકિર્દી માટે શુભકામનાઓ!

તમારા કરિયરને લગતા પ્રશ્નો અમને મોકલી આપો અને અમારા તજ્જ્ઞો એના સચોટ જવાબ આપશે. આપના પ્રશ્ન સાથે આપનું નામ, ઉમર, ઈમેલ id, મોબાઈલ નંબર, અભ્યાસ અને શહેરનું નામ ચોક્કસ લખવું.
ઈમેલ:questions.careercorner@ mail.com
વોટ્સએપ નંબર: ૮૮૪૯૨૨૧૬૫૩, ફેસબુક: www. facebook.com/questions.careercroner